ક્રમાંક:હ-૨/સ્કો/૨૦૨૧/ ૭૦-૧૦૪
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોકનં:૯/૧,ડાં.જે.એમ.ભવન,
ગાંધીનગર
તા.૭/૧૨/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા- તમામ

**વિષય:-** દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટેની રાષ્ટ્રીય શિષ્યવૃતિ વર્ષ ૨૦૨૧-૨૨

**સંદર્ભ:** નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ગ્રાઉન્ડ ફ્લોર, ડાં. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર પત્ર ક્રમાંક: ન.સસુખા/અપગ/૨૦૨૧-૨૨/૪૦૯ તા.30/૧૦/૨૦૨૧નો પત્ર

ઉપર્યુક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે સંદર્ભ દર્શિત પત્ર અન્વયે સામાજિક ન્યાય અને અધિકારીકતા મંત્રાલય હેઠળના દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પ્રી-મેટ્રીક, પોસ્ટ મેટ્રીક અને ટોપ ક્લાસ અંગેની શિષ્યવૃતિ માટેની વિદ્યાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. રાષ્ટ્રીય શિષ્યવૃતિ પોર્ટલ (www.scholarship.gov.in) રજીસ્ટ્રેશન માટે અરજી કરવા રાષ્ટ્રીય શિષ્યવૃતિના પ્રચાર-પ્રસાર માટે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાના તા.૨૯/૦૯.૨૦૨૧ના રોજના દૈનિક વર્તમાનપત્ર દિવ્ય ભાસ્કર અને ગુજરાત સમાચારમાં જાહેરાત આપેલ છે. જે અન્વયે શિષ્યવૃતિ માટેની વિદ્યાર્થીઓ પાસેથી કેટલી અરજીઓ કરવામાં આવી તેની વિગતો સહિતનો વિસ્તૃત અહેવાલ અત્રે મોકલી આપવો તેમજ આ કામગીરી બિડાણમાં સામેલ સમયમર્યાદામાં પૂર્ણ કરી અત્રે મોકલી આપશો.

(સહી)

---

પરિપત્ર નબર :....૪૩૬......
ક્રમાંક:યજન/દિવ્યાંગ/રાષ્ટ્રીય/શિષ્યવૃતિ/૨૦૨૧/

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી.
તા.૧૫/૧૨/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી / આચાર્યાશ્રી,
આ જિલ્લાની તમામ માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓ.
જિ.અમરેલી

-/ ઉપરોક્ત પત્ર અન્વયે યોગ્ય યોગ્ય કાર્યવાહી કરવા સારૂ.

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી જિ.અમરેલી

## સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગર
## નિયામક સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર
### દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ જાહેરાત

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય હેઠળના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા National Scholarship Portal (www.scholarships.gov.in) પર પ્રિ-મેટ્રિક, પોસ્ટ મેટ્રિક અને ઉચ્ચ શ્રેણી શિક્ષણ શિષ્યવૃત્તિ યોજના ચાલુ છે. જે મુજબ ગુજરાત રાજ્યના દિવ્યાંગજનોને આ યોજનાનો લાભ મળે તે હેતુથી જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ કામગીરી કરવામાં આવે છે. ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ અને દિવ્યાંગતા દિવ્યાંગજન અધિકાર અધિનિયમ,૨૦૧૬ મુજબ ૨૧ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓને આ યોજના લાગુ પડે છે. જેના માટે સક્ષમ જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જન અથવા તબીબી અધિક્ષકશ્રી દ્વારા આપવામાં આવેલ દિવ્યાંગતાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. ઓનલાઇન અરજી માટે પોર્ટલ તા.૧૮/૦૮/૨૦૨૧ થી ખુલી ગયેલ છે.

| અનુ | શિષ્યવૃત્તિ | સામેલ અભ્યાસક્રમ | અરજદારની આવકની સીમા | ઓનલાઇન અરજી ભરવાની છેલ્લી તારીખ | સંસ્થા દ્વારા વેરિફિકેશન કરવાની છેલ્લી તારીખ | રાજ્ય કક્ષાએ વેરિફિકેશન કરવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ | ધોરણ ૯મું અને ૧૦મું | રૂ. ૨.૫૦ લાખ | ૧૫/૧૧/૨૦૨૧ | ૧૫/૧૨/૨૦૨૧ | ૩૧/૧૨/૨૦૨૧ |
| ૨. | પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ | ધોરણ ૧૧ થી માસ્ટર ડીગ્રી/ ડીપ્લોમા | રૂ. ૨.૫૦ લાખ | ૩૦/૧૧/૨૦૨૧ | ૧૫/૧૨/૨૦૨૧ | ૩૧/૧૨/૨૦૨૧ |
| ૩ | ઉચ્ચ શ્રેણી શિક્ષણ શિષ્યવૃત્તિ | શ્રેષ્ઠતાના ૨૪૦ અધિસુચિત સંસ્થાનોમાં સ્નાતક/ સ્નાતકોતર ડિગ્રી અથવા ડિપ્લોમા | રૂ. ૬.૦૦ લાખ | ૩૦/૧૧/૨૦૨૧ | ૧૫/૧૨/૨૦૨૧ | ૩૧/૧૨/૨૦૨૧ |

વિદ્યાર્થીઓએ Online Submit કરેલ અરજીની નકલ સાથે ફરજિયાત તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ, Domicile Certificate(Gujarat), Disability Certificate તથા આધારકાર્ડ/Enrolment Id, કુટુંબની વાર્ષિક આવકનો સક્ષમ અધિકારીનો દાખલો, ફી ભર્યાની પહોંચની ખરી નકલ(ટ્યુશન ફી, પરીક્ષા ફી, પ્રવેશ ફી), વિદ્યાર્થીની બેંક પાસબુકની નકલ- સાધનિક પુરાવા પોર્ટલ પર અપલોડ કરવાના તેમજ <u>શાળા/કોલેજ/ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થા</u> ખાતે <u>અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીમાં હાર્ડકોપી જમા કરાવવાની રહેશે.</u> વિદ્યાર્થીઓ દ્વારા આપેલ બેંક એકાઉન્ટ શિષ્યવૃતિની પ્રકિયા દરમ્યાન બેંક ખાતું Active રાખવાની જવાબદારી તથા મંજુર થયેલ શિષ્યવૃતિની રકમ જમા કરાવતી વખતે બેંક એકાઉન્ટ બંધ માલૂમ પડશે તો તેની જવાબદારી જે તે વિદ્યાર્થીઓ/વાલીની રહેશે. શાળા/કોલેજ/ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓએ વિદ્યાર્થીઓની ટ્યુશન ફી અને એડમિશન ફી ભરવાની તથા Online અરજી ચકાસણી કરીને આગળ Forward કરવાની રહેશે. શાળા/કોલેજ/ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓ દ્વારા અરજી ફોરવર્ડ નહી કરવામાં આવે તો વિદ્યાર્થીની અરજી પર આગળની પ્રક્રિયા થઇ શકશે નહિ. જે શાળા/કોલેજ/ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાનું પોર્ટલ પર રજિસ્ટ્રેશન થયેલ ન હોય તેમણે પોર્ટલ પર યુઝર મેન્યુઅલ મુજબ અરજી કરીને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી પાસેથી મંજુર કરાવી લેવાની રહેશે. શિષ્યવૃત્તિ યોજના વિશે વધારે જાણકારી માટે વેબસાઇટ www.scholarships.gov.in અને www.disabilityaffairs.gov.in પર જુઓ.

નિયામક
સમાજ સુરક્ષા ખાતુ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

O/C 23/9/2021
21.9.21
27-9-2021

નિયામક, સમાજ સુરક્ષા ખાતું
બ્લોકનં. ૧૬, ગ્રાઉન્ડ ફ્લોર,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ફોનનં : ૦૭૯ – ૨૩૨૫૬૩૦૯
ફેક્સનં : ૦૭૯ – ૨૩૨૫૬૩૦૮
ઈ – મેઈલ : dir-sd@gujarat.gov.in

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા., ગાંધીનગર
23 NOV 2021
આવક નં. : 24753
શાખા :
ફાઈલની શાખી :

ન.સસુખા/અપગ/૨૦૨૧-૨૨/૮૦૦૯ તા.૩૦/૧૦/૨૦૨૧

પ્રતિ,
નાયબ નિયામકશ્રી,
કમિશ્નરશ્રી શાળાઓ,
૯/૧, ડૉ જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર

કમિશનર શાળાઓની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
03 NOV 2021

વિષય – દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટેની રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ વર્ષ ૨૦૨૧-૨૨

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય હેઠળના **દિવ્યાંગજન** સશક્તિકરણ વિભાગ દ્વારા દર વર્ષે નેશનલ સ્કોલરશીપ પોર્ટલ ઉપર દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પ્રી-મેટ્રિક, પોસ્ટ મેટ્રિક અને ટોપ કલાસ અંગેની શિષ્યવૃત્તિ માટે વિદ્યાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ (www.scholarships.gov.in) રજીસ્ટ્રેશન માટે/અરજી કરવા માટે નીચે મુજબની ટાઇમ લાઇન નક્કી કરવામાં આવેલ છે.

| અનુ નં. | શિષ્યવૃત્તિ | સામેલ અભ્યાસક્રમ | પોર્ટલ શરૂ થવાની તારીખ | પોર્ટલ બંધ થવાની તારીખ | જિલ્લા કક્ષાએ વેરિફિકેશન અંગેની છેલ્લી તારીખ |
|---|---|---|---|---|---|
| ૧. | પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ | ધોરણ ૯મું અને ૧૦મું | ૧૮.૦૮.૨૦૨૧ | ૧૫.૧૧.૨૦૨૧ | ૧૫.૧૨.૨૦૨૧ |
| ૨. | પોસ્ટ મેટ્રીક | ધોરણ ૧૧ થી | ૧૮.૦૮.૨૦૨૧ | ૩૦.૧૧.૨૦૨૧ | ૧૫.૧૨.૨૦૨૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | શિષ્યવૃત્તિ | માસ્ટર ડીગ્રી/ ડીપ્લોમા | | | |
| ૩. | ઉચ્ચ શ્રેણી શિક્ષણ શિષ્યવૃત્તિ | શ્રેષ્ઠતાના ૨૪૦ અધિસુચિત સંસ્થાનોમાં સ્નાતક/ સ્નાતકોતર ડિગ્રી અથવા ડિપ્લોમા | ૧૮.૦૮.૨૦૨૧ | ૩૦.૧૧.૨૦૨૧ | ૧૫.૧૨.૨૦૨૧ |

રાષ્ટ્રીય શિષ્યવૃત્તિના પ્રચાર-પ્રસાર માટે અત્રેથી તા.૨૯.૦૯.૨૦૨૧ના રોજના દૈનિક વર્તમાનપત્ર દિવ્ય ભાસ્કર અને ગુજરાત સમાચારમાં જાહેરાત (નકલ સામેલ છે.) આપવામાં આવેલ છે.)

ઉપરોક્ત વિગતે જણાવવાનું કે આપશ્રી હસ્તકની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને તેમાં અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીઓ આ યોજનાનો વધુમાં વધુ લાભ મેળવે તે માટે રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ (www.scholarships.gov.in) ઉપર અરજી કરવા માટે પ્રચાર-પ્રસાર અને દિવ્યાંગ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન કરવા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને કક્ષાએથી જરૂરી સૂચનાઓ આપવા વિનંતી છે.

બિડાણ – જાહેરાતનો નમુનો

નાયબ નિયામક
સમાજ સુરક્ષા કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર